# સિંહસ્થ તીર્થક્ષેત્ર શ્રી ગૌતમેશ્વર મહાદેવ મંદિર



સુરત જિલ્લાના માંડવી તાલુકાના ખોબા જેવડા બૌધાનના શ્રી ગૌતમેશ્વર મહાદેવ મંદિર પુણ્ય, પવિત્ર સૂર્યપુત્રી તાપી નદીના કિનારે આવેલ અનેક પ્રાચીન શિવાલયોમાંનુ એક છે જેનું વિસ્તારપૂર્વક મહાત્મ્ય તાપીપુરાણ અ.39 માં વર્ણવેલ છે. મોટાં પાપોને નાશ કરનારું આ બહુધાન્ય નામનું ક્ષેત્ર છે. જેમાં પહેલા ગૌતમ મુનિએ ઘણાં અન્નો રાશિમાં આવ્યો હોય અથવા એક રાશિમાંથી બીજી રાશિમાં જતો હોય ત્યારે ગૌતમેશ્વર સમીપ તાપીસ્નાન કરનારને બાર વખત ગૌતમી નદીમાં સ્નાન કરવાનું ફળ મળે છે. ગૌતમી અને તાપીના સંગમમાં બહુધાન્ય તીર્થમાં સ્નાન કરી, પિંડદાન કરી પિતૃનો ઉધ્ધાર કરે છે તેનો સંસારમાં ફરી જન્મ થતો નથી. ગૌતમ મુનિએ સેવેલા શંકર ભગવાનના દર્શન કરી કયો પુરુષ સ્વર્ગે જતો

**જે કોઇ વ્યક્તિ ગૌતમી અને તાપીના સંગમમાં બહુધાન્ય તીર્થમાં સ્નાન કરી, પિંડદાન કરી પિતૃનો ઉધ્ધાર કરે છે તેનો સંસારમાં ફરી જન્મ થતો નથી. ગૌતમ મુનિએ સેવેલા શંકર ભગવાનના દર્શન કરી કયો પુરુષ સ્વર્ગે જતો નથી!**

આપ્યાં હતાં. લોકવાયકા મુજબ આ ક્ષેત્રમાં સવારે જવ વાવી, સાંજે પાક લણવામાં આવતો હતો. ધનધાન્યનો પાક પુષ્કળ પ્રમાણમાં થતો હોવાથી બહુધાન્ય નામ હતું. અપભ્રંશ થતાં બૌધાન થયું.

તાપી માતાને એકવીસ કલ્પો થયા. જ્યારે ગંગા, સરયૂ, રેવા, ગોમતી, સાભ્રમતી, ભાષા નદીઓ ન હતી, જ્યારે વિશ્વકર્મા પણ ન હતા ત્યારે સૂર્યપુત્રી તાપી પ્રગટ થયાં. ગંગામાં ચીરકાળ સ્નાન કરવાથી, નર્મદાના દર્શનથી, સરસ્વતીના સંગમના જળપાન કરવાથી તે પવિત્ર કરે છે. જ્યારે તાપીમાતાનું માત્ર સ્મરણ કરવાથી પવિત્ર કરે છે.

ગૌતમ મુનિએ ગૌહત્યાના પાપને તપસ્યા કરી ગૌતમીગંગા આણી. તેના નિર્મળ જળથી ગૌહત્યાના પાપથી મુક્ત થયા. ગૌતમ મુનિ ગર્વથી કહેતા, ગૌતમી નદી જેવી બીજી કોઇ નદી નથી. તીર્થાટન કરતા કરતા ગૌતમ મુનિ બૌધાન ક્ષેત્રમાં આવી, તાપીસ્નાન કરી, સમાધિ લઇ, લાંબો સમય રહ્યા. એક વખત જ્ઞાનદ્રષ્ટિથી દુરાચારી બ્રાહ્મણને લેવા દેવદૂત વિમાન લઇને આવ્યા. તે જોઈ ગૌતમ મુનિએ તાપી માતાની સ્તુતિ કરી. તાપીમાતાને પ્રસન્ન કર્યાં. તાપીમાતાએ દર્શન આપી, વરદાન માંગવા કહ્યું ત્યારે ગૌતમ મુનિએ સિંહ રાશિના ગુરુમાં ગૌતમી (ગોદાવરી) નદીમાં સ્નાનનું ફળ અહીંયા હંમેશાં પ્રાપ્ત થાય તથા મહાપાપી પુરુષ પણ તાપીસ્નાન તથા શ્રી ગૌતમેશ્વર દર્શનથી સદગતિ પામે. તાપીમાતાએ ગૌતમ મુનિને ગૌતમી ગંગા સાથે અહીંયા હંમેશાં રહેવા કહ્યું. આ તીર્થ જેટલું તત્કાળ વિશ્વાસ પેદા કરનારું બીજું કોઈ તીર્થ નથી.

ગુરુ જ્યારે વક્રી, અતિચારી અથવા સિંહ

નથી! ત્યાર પછી અહીં ગૌતમ મુનિએ પણ પોતાના પૂર્વજોનો ઉધ્ધાર કર્યો છે!

આ શિવલિંગ હજારો વર્ષ પુરાણું છે. હાલનું શિવાલય માંડવીના રાજા દુર્જનસિંહના વજીર સુખાનંદે શક સંવત-1723, પ્રથમ વૈશાખ સુદ બારસના રોજ બનાવ્યું હતું. માંડવીના રાજાએ રાજા ઓવારો બનાવ્યો હતો. જે આજે 215 વર્ષ પછી પણ અડીખમ છે. ઓવારા ઉપર પાંચ પાંડવોની મૂર્તિ છે.

શ્રી ગૌતમેશ્વર મહાદેવ મંદિરે સિંહસ્થ પર્વની ઉજવણીનો ઉલ્લેખ બ્રિટિશ ગેજેટીયરમાં પણ મળેલ છે. 1872 સપ્ટેમ્બરમાં સિંહસ્થ મેળો ભરાયો ત્યારે ગામની વસ્તી 3300 હતી અને 2000 થી પણ વધુ યાત્રાળુઓએ દર્શનપૂજાનો લાભ લીધો હતો.

શ્રાવણ માસ દરમિયાન શિવાલયમાં આશરે 125 વર્ષથી પાર્થવેશ્વર શિવલિંગનુ સ્થાપન કરી પૂજનઅર્ચન થાય છે. બૌધાન ગામમાં અન્ય ધાર્મિક સ્થળો પણ 100 વર્ષ કરતાં વધારે પુરાણાં છે.

(1) શ્રી ધાન્યેશ્વર મહાદેવ (2) શ્રી રામજી મંદિર (3) શ્રી ફૂલબાઈ માતાનું મંદિર (4) શ્રી વૈષ્ણવ મંદિર (5) શ્રી જૈન દેરાસર (6) પારસી અગિયારી (7) શ્રી ભાથિજીની દેરી (8) શ્રી દશામાનું મંદિર આમ બૌધાન ગામને મંદિરોની નગરી કહીએ તો ખોટું નથી.છેલ્લું સિંહસ્થ પર્વ 2015-16માં ઉજવાયું હતું. સુખાનંદ વજીરના આઠમી પેઢીના વંશજ શ્રી જગદીશ્વરાનંદ હિમકરાનંદ વજીરના હસ્તે ધ્વજારોહણ કાર્યક્રમ વિદ્વાન બ્રાહ્મણોની હાજરીમાં વેદઘોષ સાથે ઉજવવામાં આવ્યો હતો. આગામી સિંહસ્થ પર્વ જુલાઈ 2027-28માં ઉજવાશે.

# બોધકથાઓ બોધપાઠ શીખવા માટે હોય છે

વેદ, ઉપનિષદો,પુરાણો સહિતના ધર્મગ્રંથોમાં રહેલા જ્ઞાન, વિજ્ઞાન, નીતિશાસ્ત્ર,પરંપરા, સિદ્ધાંતો આપણા કથાકારો, ધર્મઉપદેશકો લોકભોગ્ય, સરળ શૈલીમાં ઉદાહરણ, દ્રષ્ટાંત કથાઓ સાથે રજૂ કરતા હોય છે, જેથી વ્યવહારમાં તે નિયમો, સિદ્ધાંતોનું અનુસરણ કરવું સરળ બને અને વ્યક્તિ સદાચાર, આત્મોન્નતિ તરફ વળે. દ્રષ્ટાંત કથાઓ પરથી લાભા લાભ પારખે. યોગાનુયોગ આ સપ્તાહ પંચાંગ-કેલેન્ડર અનુસાર 'ભાગવત સપ્તાહ પ્રારંભ અને સમાપનનું' છે. શ્રીમદ ભાગવત એ માત્ર જ્ઞાન અને ભક્તિ નથી પરંતુ ખગોળ, ભૂગોળ, બ્રહ્માંડ વિજ્ઞાન, સંગીત, સંસ્કૃતિ, સમાજ ધર્મ, આપદ ધર્મ, સ્ત્રી ધર્મ, પુરુષ ધર્મ, રાજનીતિ, વ્યવહાર નીતિ બોધ છે. પરમાત્મા આનંદ સ્વરૂપ છે. નિષ્કામ પ્રેમ તેની શક્તિ છે. પરમાત્મામાં જે શક્તિ છે તે જ શક્તિ ભાગવતમાં છે. એ પરમાત્માનું વાઙ્મય સ્વરૂપ છે.મનુષ્ય ભલે ગમે તેવું જીવન જીવ્યો



હોય પરંતુ ભાગવતનું ભાવ, નિષ્ઠાપૂર્વક શ્રવણ, મનન મરણને સુધારે છે. આત્માને પરમ ગતિ આપે છે. વિદ્વત કથાકારનું જ્ઞાન, ભાવમય શૈલીથી રજૂઆત શ્રવણ કરનાર ભક્તોને રાગ, દ્વેષ જેવા ષડરિપુનો ત્યાગ કરી ભક્તિમય જીવન તરફ દોરી જાય છે.

અત્રે એવી બે બોધદાયક દ્રષ્ટાંત કથા રજૂ કરીએ છીએ. કોઈ એક નગરમાં ખૂબ ધન સંપન્ન શેઠ રહેતા હતા તેનો વ્યાપાર કારોબાર પણ ખૂબ ધમધોકાર ચાલતા હતા. સમૃદ્ધિ હોવા છતાં શેઠના લોભને થોભ નહોતો તે વધુને વધુ ધન કમાવામાં જ રચ્યો પચ્યો રહેતો. તે કોઈ દિવસ કોઈ ભિક્ષુકને એક પૈસો સુદ્ધાં નહોતો આપતો. એક દિવસ તેના દરવાજે એક સાધુ આવ્યો અને કંઈક આપવાની વિનંતી કરી. તે દિવસે શેઠને કોણ જાણે કેમ શું થયું કે તેણે એક પૈસો સાધુની ઝોળી માં નાખી દીધો. સાધુ તેને ભગવાનનો પ્રસાદ અને આશીર્વાદ આપી ચાલતો થયો. શેઠને નવાઈ ત્યારે લાગી જ્યારે તેને સાંજે પ્રસાદના પડિયામાં એક સોનામહોર મળી. સોના મહોર મળવાથી એક તરફ તેને ખૂબ આનંદ થયો તો બીજી તરફ અફસોસ પણ થયો કે તેણે સાધુ ને એક પૈસો જ કેમ આપ્યો? બીજે દિવસે સાધુ ફરી આવ્યો લોભી શેઠ તો તેની રાહ જોઈને જ બેઠા હતા. આ વખતે સાધુએ જેવી તેની ઝોળી ફેલાવી કે તરત જ શેઠે મુઠ્ઠી ભરીને પૈસા તેમાં નાખી દીધા. સાધુ ફરી તેને પ્રસાદનો પડિયો અને આશીર્વાદ આપી ચાલ્યો ગયો. શેઠ સાંજ થવાની રાહ જોવા લાગ્યા. રાત થઈ ગઈ પરંતુ સોનામહોર મળી નહીં. શેઠ માથું કુટવા લાગ્યા. મારા પૈસા પણ ગયા અને સોના મહોર પણ નહીં મળી ત્યારે શેઠની ધર્મિષ્ઠ પત્ની એ તેમને સમજાવ્યું દુઃખી નહીં થાવ. બોધપાઠ લો કે, ત્યાગ જ ફળે છે જ્યારે લોભ છેતરે છે. પત્નીની વાતે શેઠની આંખ ખોલી નાખી. નિસ્વાર્થ ભાવથી કરેલું દાન હંમેશા ફળીભૂત થાય છે પરંતુ બદલા કે કંઈક મેળવવાની ભાવના થી કરેલ દાનથી કંઈ પ્રાપ્ત થતું નથી કે નથી આત્મસંતોષ મળતો.

ખૂબ વર્ષો પહેલાંની વાત છે. એક ગામમાં એક મૂર્તિકાર રહેતો હતો તે એટલી સુંદર મૂર્તિઓ બનાવતો હતો કે તે જોનારને મૂર્તિઓ જીવંત હોવાનો ભ્રમ થતો. માત્ર આસપાસમાં જ નહીં પરંતુ દૂર-દૂર સુધી તેની પ્રસિદ્ધિ હતી. મૂર્તિ ઘડવામાં તેની કુશળતાને કારણે મૂર્તિકારનું માનપાન ખૂબ હતું. મૂર્તિકારને પણ તેની કળા પર ખૂબ ઘમંડ હતો. જીવન વીતતું ગયું. એક સમય એવો પણ આવ્યો, તેને લાગવા માંડયું કે હવે તેનું મૃત્યુ થવાનું છે. લાંબો સમય જીવાય એમ લાગતું નથી. મોતના ભણકારા થી તે પરેશાન રહેવા લાગ્યો. યમદૂતોને ભ્રમિત કરવા માટે તેણે એક યોજના ઘડી. તેણે પોતાના જેવી જ

**તેણે મૂર્તિઓને જોઈ કહ્યું, 'કેટલી સુંદર મૂર્તિઓ બની છે પરંતુ મૂર્તિઓમાં એક ખામી છે. જો મૂર્તિ બનાવનાર મારી સામે હોત તો હું તેને બતાવતે કે મૂર્તિ બનાવવામાં ક્યાં ભૂલ થઈ છે?'**

અદલ પોતાની 10 મૂર્તિઓ બનાવી અને પોતે એ મૂર્તિઓની વચ્ચે જઈને બેસી ગયો. યમદૂત જ્યારે તેને લેવા આવ્યા તો એક સમાન 11 આકૃતિઓને જોઈને દંગ રહી ગયા. તે નક્કી નહોતા કરી શકતા કે આ 11 માંથી અસલી મનુષ્ય કોણ છે? તે વિચારવા લાગ્યા, હવે શું કરવું? મૂર્તિકારના પ્રાણ નહીં લઈ જઈ શકે તો સૃષ્ટિનો નિયમ તૂટી જશે અને સચ્ચાઈ પારખવા માટે મૂર્તિઓને તોડીએ તો કલાનું અપમાન થશે. અચાનક જ એક યમદૂત ને માનવ સ્વભાવના સૌથી મોટા દુર્ગુણ અહંકારને પારખવાનો વિચાર આવ્યો. તેણે મૂર્તિઓને જોઈ કહ્યું, 'કેટલી સુંદર મૂર્તિઓ બની છે પરંતુ મૂર્તિઓમાં એક ખામી છે. જો મૂર્તિ બનાવનાર મારી સામે હોત તો હું તેને બતાવતે કે મૂર્તિ બનાવવામાં ક્યાં ભૂલ થઈ છે?' આ સાંભળી મૂર્તિકારનો અહંકાર જાગી ગયો તેણે વિચાર્યું, મેં મારું આખું જીવન મૂર્તિઓ બનાવવામાં સમર્પિત કર્યું છે, તો પછી મારી ઘડેલી મૂર્તિઓમાં શું ભૂલ હોઈ શકે? તે બોલી ઉઠ્યો, 'કેવી ભૂલ?' યમદૂતે તેને પકડી લીધો અને કહ્યું, 'બસ,તેં આજ'ભૂલ કરી તારા અહંકારમાં, કે નિર્જીવ મૂર્તિઓ બોલે નહીં.' ઈતિહાસ સાક્ષી છે કે, અહંકાર થી હંમેશા પરેશાની દુઃખ અને પતન જ પ્રાપ્ત થાય છે.'ઈદં ન મમ.'

**ધર્મ મર્મ**

શ્રીજીવ વ્યાસ